વડોદરાના વાસીનું
વર્નણ*

સર્વ સજનોને વાસ્તે
રચનાર તથા છપાવી પ્રસિદ્ધ કરનાર
દેસાઈ. પાનાચંદ મોજીલાલ માતરના

દોહરો

વ્યભીચાર સૂધારવા, કરીયુ છે આ કામ.
વર્ણવ્યું છે પ્રીત કરી, સીખામણને કામ,

अमदावाद

પાનકોરને નાકે બધારાઓળમા મુળચંદ રાય
ચંદના મકાનમા બુલાખીદાસ નારણદાસે
પોતાના (અમદાવાદ સત્યપ્રકાશ)
પ્રેસમા) છાપ્યુ.

સંવત ૧૯૩૩........ સન ૧૮૭૭

કિંમત ૯ પાઈ

अर्पण पत्रीका.

પર્મપ્રિય. મોહનલાલ લલ્લુભાઈ.

તું મારો એક મિત્ર છું, અને તારો પ્યાર મારા પર વિશેષ છે, તેથી આ મારા લઘુ ગ્રંથ જોડે તારૂં નામ જોડી રાખવાને ઇચ્છું છું; તે વાસ્તે ગ્રંથાર્પણ તનેજ ઘટતું કરીએ, એમ માની હું આ એક લઘુ ગ્રંથ પ્રેમ પુર્વક [illegible] કરૂં છું, તે તું સ્વીકારીશ.

લી. તારો સુસ્નેહક મિત્ર

ગ્રંથ કર્તા.

પ્રસ્તાવના.

મિત્રો, હું ઘણા દીવસથી વડોદરામાં રહુ છું. મને વ ડોદરાનો ઘણો અનુભવ મળેલો છે. એ શેહેરના ઘણા લો વણ વ્યભીચાર ઉપર વિશેષ માલમ પડવાથી, મને ઘણે ખેદ ઉત્પન થવાને લીધે મેં આ ગરબાંચો લખીછે. જે છપાથી વડોદરાના લોકોના મન ઉપર અસાર થશે એવી આશ રાખુછું.

આ પુસ્તકમાં મારી ચુક હશેજ, કારણ કે આ મારો પ્રથમનો અભ્યાસ છે. તે થએલા ચુકાને વાસ્તે વિદ્વાન માણ સો મને માફી આપશે એવી આશા છે; વિદ્યાના મદમાં છા કી ગયેલા જો માર કહ્યાં છતાં ભુલ ઉપર ધ્યાન આપશે તો તેઓની મને ચીંતા નથી.

આ પુસ્તકનો હેતુ વડોદરામાં જે વ્યભીચાર થાયછે તે દર્શાવવાનો તથા શીખામણ આપવાનોછે, પણ કંઇ રસ, અલં કાર, અને સારા યુક્તિથી કવિતા બનાવવાનો નથી.

વળી હાલ મેં "વ્યભીચાર દુઃખ દર્શક" નામનુ પુસ્તક તૈયાર કરેલુ છે, આશરે તેનાં ૧૫૦ પાનાથશે. તેમાં ઘણીજ અસર કારક બીનાઓ આવેલીચો છે; તે પુસ્તક હું થોડા દીવસમાં પ્રસિદ્ધ કરનારછું, તેને માટે સુજ્ઞ માણસો મને મ દદ આપશે એવી આશાછે.

લી॰ ગ્રંથ કર્તા.

वडोदरानी स्त्रीयो वीशे.

સારૂં સારૂંરે સુરત શેહેર મુંબઈ અમબેલી-મેરાન
વડુ વડોદરે વિખ્યાત. ગરવી ગુજરાતે.

વડોદરામાં રહીને મેં તો, જોયો તેનો સારરે,
નારી સૌ છીનાળા કરતી, વ્યભીચાર અપાર. ગરવી ગુજરાતે. ૧
નાની મોટી સરવે સરખી, ધનવંતને જાતીબરે;
ઘરડી થાડર સરખી તેમાં, ઝાઝી રાખે જીભ. ગરવી ગુજરાતે. ૨
ઘરડીઓ દલાલો કરતી, માનો સાચી વાતરે;
ઘરમાં પ્યારો પ્યારી પાસે, નીચી એવી જાત. ગરવી ગુજરાતે. ૩
હામત રાખી મનમાં ઝાઝી, જીતી જહાં બજારરે;
બેધડકથી કર્મ કરેછે, જ્યાં ત્યાં દેખુ જાર. ગરવી ગુજરાતે.
નારી સઘળી ઘેર ઘેરથી, દર્શન કરવા જાયરે;
એક એકનો સાથ કરેછે, સૌથી ફકકડ પાપ. ગરવી ગુજરાતે. ૫
મંદીરમાં તો જાતાં પેંલા, શણગારો સજવાનેરે.
તકતો મુખ આગળ લઈ બેસે, ઘનો ઠાણી જોવાને- ગરવી. ૬
જુઠાં મોતી જરૂર જાણો, શરીરે શણગારેરે;
વસ્ત્ર ઉમદા પ્રીતે પેરે, રાંડી બનવુ ધારે. ગરવી. ગુજરાતે. ૭
વસ્ત્ર સનેછે ઝીણું જાળી, કાયા સૌ દેખાયેરે;

શરમ લાજતો નેવે મુકી, વેશ્યા સરખી થાયે. ગરવી ગુ. ૯
પાન બીડીયો સાથે રાખી, ચાવી કરે મુખ રાતુંરે;
કાળી બનગી કપાળમાને, રાખે મુખ મલકાતું. ગરવી ગુજ. ૯
પ્રતિ ઘરમાં જોયા કરતો. દેખીને મલકાતોરે;
શી સુંદીર દેખાયે નારી, લાવી પાણી પાતો. ગરવી ગુ. ૧૦
નારી બેઠી હુકમ કરતી, નાથ તેગના માનેરે;
વાર લાગશે તુજને પ્યારી, દર્શન કરવા જાને. ગરવી ગુજ. ૧૧
નારી કેહેતી શુ મુખર્થી હું, જાઉ દર્શન કાજરે;
તમને પરણી સૂખ ન દીઠું. જાતાં આવે લાજ. ગરવી. ગુ. ૧૨
સૌને સારા શણગારોને, મારે જોયા કરવુંરે;
જાગ્યો કરીશુ મન ફાવતુ નહીતો મારે મરવું. રવી ગુજ. ૧૩
રાંક નાથ બીચારા બી'તાં, નારી નાશી જાશેરે;
દેવુ કરીને દાબીના તો, ઘડાવિ લાવે ત્રાશે. ગરવી ગુજ. ૧૪
તેવી નારી નાથને કેહેતી, ધુપેલ નહી ઘરમાંહીરે;
કે'તા પેહેલા દોડે ચોટે, ઝટ લાવેછે ત્યાંહી. ગરવી ગુજ. ૧૫
ચોટલો વાળે નારી સારો, વાળે વાંકો અંબોડોરે;
નાથ બાચારો જો બોલતો, કરતી તે વરઘાડો. ગરવી. ૧૪
શોભે શણગારો તે સજતી, બાકી રેહેતું પાનરે;
કાથો તેમા વધતો મુકી, નારી બને ગુલતાન. ગરવી ગુ. ૧૭
પતી તેનો જોયા કરતો, નારી દેખાય સારીરે;
બહાર જશેતો કેહેશે કોની, વહુ કેહેવાશે મારી. ગરવી ગુ. ૧૮
આવી રીતે કંપ ધારતાં, નારીને ઉશ્કેરેરે;

નારી આમળ ભડવા બનતા, મોકલતા તે તેડે. ગરવી ગુ ૧૯
શરીર ઉપર ધુપેલ લગાવી, મુખ ચળકતુ રાખેરે;
કરિણી પેરે ધીમી ચાલી, ખરાબ શબ્દો ભાખે. ગરવી. ગુ. ૨૦
બજાર વચ્ચે થઇને જાયે, જુવાન સામે જોતીરે,
પાસે રાખે રૂમાલ સારો, મુખડું તેથી લોતી. ગરવી ગુ. ૨૧
ઘણાક લોકો સામુ જુવે, ત્યારે ખુશી થાતીરે;
નેન કટાક્ષો સામાં મારી, કતરાતી તે જાતી. ગરવી ગુ. ૨૨
આંખ ફેકમાં રેહેવા માટે, પાક વાંવીધના ખાતીરે;
નીરંકુશો વર્તે નારી, ધીમા ગાયન ગાતી. ગરવી ગુજરાતે. ૨૩
મલકાતી મલકાતી ચાલે, બાંકુર કામા બનતીરે;
હર્ષ ઉરમાં ઝાઝો રાખી, મન પરાક્રમ ગણતી. ગરવી ગુ. ૨૪
દર્શનના તો બાહાનાં કાઢી, પ્યારા તરફેણ ફરતીરે;
ઘણા તોરમા જાયે પોતે, ભય મનમા નવ ધરતી. ગરવી ગુ. ૨૫
ઘણીવાર સુધી તે ઘરમાં પ્રીત બાજીઓ ખેલેરે;
પ્યારાને તે ખુશી રાખવા, બીડી મુખમાં મેલે. ગરવી ગુ. ૨૬
પોતાના ઘરમાં હોયે તેમ, ખુશોથી ત્યાં માહાલેરે;
પ્યારાની પાસે માગેતો, પ્યારો પૈસા આલે. ગરવી ગુજ. ૨૭
પૈસા લઇને ઘરમાં આવે, નાથ કશું નવ બોલેરે;
જો બોલેતો ધમકાવીને, છીદ્રજ તેનુ ખોલે. ગરવી ગુજ. ૨૮
કંથ તેમના આંખો રેહેતા, હું હું કહ્યું છે અમથુંરે;
હસતાંમાં તું રીસ ચડાવછ, એમ બોલે ઉભયથુ. ગરવી ગુ. ૨૯
નારી સૌ શેઠાણી થાયે, ચાકર તો વર થાયે રે;

નારીની સામે બેસીને, ભાવજીયો તો ગાયે. ગરવી ગુજ. ૩૦
નારીને એમ લાડ લડાવે, અંકુશતો નવ રાખેરે;
ઘણુંકતો પરનારી ભેગી, છુંદપણામાં નાખે. ગરવી ગુજ. ૩૧
ઘણાક નારીને રીઝવતાં, પ્યરી પ્યારી કરતારે;
ઢોંગ કરીને દુઃખી થાયતો, તેના દુઃખે મરતા. ગરવી. ગુ ૩૨
ખુબ સુરતી સૌ નારી માંને, નખરા નાથ ખાચારારે;
નારી સૌ ત્યાં મોજ કરેછે, ઘરમાં આવે પ્યરા. ગરવી. ૩૩
ઘરમાં આવો બેસો ત્યારે, ઘણુંયે ખાતર કરતારે.
પાન પટીપો ખાવા આપો, ઘરમાંથી તે જાતાં. ગરવી ગુ. ૩૪
એવા લોકો ઘણા વસેછે, ધિક્ક તેના અવતારરે;
પૈસા લેવાની આશાએ, શીખવે કરતાં જાર. ગરવી ગુજ. ૩૫
સૌ નારી ઈશકમાં ભારી, બીજુ નહીં કોઈ કામરે;
બની ઠણી પ્યારા ઘેર જાયે, બેસે સારે ધામ. ગરવી ગુજ. ૩૬
ઘણુંક ઠામ આવું ચાલેછે, એક પ્યારી એક પ્યારોરે;
નાહોય તે નાત બાહારછે, મનમાં એવું ધારો. ગરવી ગુ. ૩૭
સાંજે સર્વે દર્શન કરવા, ટોળે ટોળાં જાતાંરે;
નરસઈજી આગળ આવીને, નેન કરેછે રાતા. ગરવી ગુ. ૩૮
સહવારે મંગળાના કરવા, ઘણી ઉમંગે આવેરે;
પ્યારાઓ પણ પુંઠે આવે, વાયદા સારા ફાવે. ગરવી ગુ. ૩૯
સહુવારે શતલસ કરીને, સાંજે દર્શન પાયેરે;
તે બાહાનુ કાઢીને નારી, પ્યારાને ઘેર જાયે. ગરવી ગુ. ૪૦
એક એકથી ફક્કડ બનતાં, એક એકથી તસપેરે;

મુઠથી અડીયાતાંને. અડતા જુઠી જંપે. ગરબી ગુન. ૪૧
... દેખો ચકુકા મારી, આલેછે જુવંતીરે;
મારી ઘ પત્ર કરતી, એવી એ ગુણવંતા !!! ગરવી ગુન ૪૨
ગ્રાહક સાથે પ્રિતિ કરવા, મધુર શબ્દો બોલેરે;
રસ વિનોદને તાળા દેતાં અંતરપડદો ખોલે. ગરવી ગુન. ૪૩
આ નારીમાં હીંમતભારી, બીજ નહો લગારરે;
ચંચું કરે તે નીજ મનડાનું. કેહુતાં નાવે પાર ગરવી ગુન૦ ૪૪
સૌ કરેતે પૈસા સારૂ. તે લાભે રો ફરતારે;
પૈસા સઘળા લેઈ લઈને. ભીખારી તે કરતી ગરવી ગુન. ૪૫
વડોદરાની નારી બાંકા. ચાંનોદના પુનારીરે;
ભાઈનો ભખારી કરતી, નેન આંખનાં મારી ગર ગુન. ૪૬
શીનોર, નાદેદ નંણુસરમાં, વ્યભીચાર અપારરે,
છોકરીયો છીનાળાં કરતી. જાણતી લાવે પાર ગરવી ગુન. ૪૭
ગામડાંમાં ઝાઝુનહી આવું. શેહેરોમાં બહુ સાલેરે;
વીષયી નર નારી સરવે, ગર્વ પાચ્યામાં માહાલે, ગરવી ગુન. ૪૮
અરે પાપીઓ ચંડાળોને, કુકર્મી સૌ નારરે;
મુઆ પુઠળ ભોગવશો ને ખાશો જમના માર ગરવી ગુન. ૪૯
જાર કર્મ એ સૌથી ભુંડુ. લેજો મન વીચારીરે;
દેશ સૌ ખરાબ થયોને. પડીયાંછે દુઃખ ભારી ગરવી ગુન. ૫૦
આવાં આવાં કર્મ કરાંને, સુખ ક્યાંથી ભોગવશોરે.
માટે સહુજી લેજો શાણા. વગર મોતે મરશો ગરવી ગુન. ૫૧
આ છંદ જો છોડી દેશો સુખી સૈ કો થાશોરે.

દુઃખ સર્વે દૂર જાશે, વળિ સ્વર્ગમાં જાશો ગરવી ગુજ
ઓજ શોખમાં ગરક થઈને થાતા નવ આનંદરે;
રૌરવ નર્કની વાટે જાશો, કહે છે પાનાચંદ ગરવી ગુજરાતે.

વડોદરના પુરૂષ વીશે.

બહુ સારસ વડોદરા શેહેર. લાલા બહુ રેહેતા;
વડોદરના લોકો બાંકા, વાંકા થઈને ફરતારે;
સારાં સારાં વસ્ત્ર પેહેરી. ઘોર કરમ તે કરતા લાલા બહુ. ૧
માથે વાંકી પાઘડી ઘાલી રેશમી ધોતી લાવેરે
જુઠી ઘડિ પાળી લટકાવી ભભકો બા'ર બતાવે-લાલા બહું રેહેતા
શરીર સઘળું લાલ કરીને, રાતા મુખે ફરતારે
ઘણી જાતનો નીશો કરતા. મનમાં ગુંજન ધરતા-લાલ બહું રેહેત
રેશમી કોરની ધોતી પેહેરી- ધરતા નહિ કઈ માજારે;
પગમાં કસબી જોડા પેહેરી, મનમાં ધારે રાજ-લાલા બહુ રેહેતા
અંગરખા તસતસતાં પેહેરી, બદન પેહેરી તંગીરે;
નાજુક કાયા દેખાડવાને, યુક્તિ કરે છે ભંગી. લાલા બહુ.
દર્શનનો તો બાહાનાં કાઢી, મંદીરમાં જાયેરે.
નારી ઊપર તુટી પડીને, મનમાં ફુરજ થાયે લાલા બહુ.
મિત્રો સર્વ ભેગા થઈને, નાદાના દેખાડેરે.
મારામારી ત્યાં કરીને, મોહોટર્યા બરાડે લાલા બહું.
સારાં અત્તરસારાં તેલ, પેસા ખરચ્યાં લાવેરે

એને કાપામાં છ ટી, સુગંધી બહેકાવે-લાલાબહુરેરે
અનગી કપાળમાંને, ઊપર રાતો ટીકોરે
કો મુછોમરડી રાખે મનમાં શોનીણીકા – લાલાબહુ રે
મ ઊપર અતર લગાવી, વાળ ચળકતા રાખેરે
રમવા નારીઆગળ, ખરાબ શબ્દો ભાખે-લાલાબહું
ક લાલા પોતેબનના, કુર્દાને પગ ગેહુલેરે
પારીસાપે ખરાતોરમાં, પ્રીતબાજીયો જોસે-લાલા બહુ રે
તુઠી જુઠી ગપો મારી, નારીને લલચાવેરે.
બીડી ખાઈ મુખ રાતુ કરના, જરૂ રગવું ભાવે. લાલા
તોરી સારી ગીનાબાનીનો, ગીઠ ઈ લાવી નમતારે.
વળી બાગમાં જકૃત કરવા, રોફ મારીને જાતા. લાલા
સારો ઝીણો પોશાક પેહેરી, દર્શન કરવા જાયરે.
દેવ તણે દરવાજે બેસી, ત્યાં લાવણીઓ ગાય. લલા બહુ
ઉડાવી દે પઈસા રાધળો, ભોપાળુ બાહ્ય કાઢેરે.
બાડીયોમાં રાફર મારી, નાક કુળનું વાઢે. લલા બહું
નારીની મશ્કરીયો કરતા, પ્યારી પેઠે જાતારે.
આવી રીતે કર્મ કરીને, લાલા ખુશી થાતા. લાલા બહુ
બરા તોરમાં તેઓ બોલે. ધંધાનાં નહી કામરે.
અંગવસ્ત્ર વોનાના સૌને ધીક્કારે તે કામ. લાલા બહુ.
આવી રીતે મોજ કરીને મનમાં થાતા રાજીરે.
ઘરમાં સૌને ભુખે મરે, ના હોય ખાવા ભાજી લાલા બહુ.
મા તેની દલાલાં કરતી, બેન છીનાળાં કરતીરે.
બઈ જો/એ તો ફક્કડ થાયે, વહુ હરાયું ચરતી. લાલા બહુ

ધામાં હોંડલાં ફુરતી લડતાં, ખબર દેઠજી બનતારે.
હોય હાથમાં તે ઉડાવી, ભીખારી થઈ ફરતા. લાલ
પાક ખાતા ગાંજો પીતા. ઇશકમાં મદમાતારે.
ન ફિકરાઇ થઈ વર્ણીં બીકથી, ડોળા રાખે રાતા. લાલા બહુ
દીવસ ગુમાવે મેનત શોખમાં. ઈશક ઈશક કરતારે.
ખપ રીની પ્રીત કરીને, વગર મોતે મરતા. લાલા બહુ
પરણેલાને દુઃખ બહુ દેતા, પ્યારીને મકલાવેરે.
નારીને રડતી મુકીને. માઠ ઈચો ઊડાવે. લાલા બહુ.
ઇશકમાંને ખપ રાંગાં તો. ધંધા તો નહી ગમતારે.
ધખા હોડી માન વખોડી, પ્યારી સંગે રમતા. લાલા બહુ.
રાડવાની જાતી છે નજી, જ્યાં જારૂતો પાચેરે.
રાંડ રંડવા ભેગા થઈને, તેના ઘરમાં જાયે. લાલા બહુ.
લોકો આવે નારી લાવે. નહી તો ગોતે આંગણેરે.
ઘર ભાડાના પઈસા લેતા, રંગ ભોગ ત્યાં માણે લાલા બહુ.
લાલા જનમી ખરાબ કરતા. કુટુંબ ભુખે ગારેરે.
ઇશકમાં પૈસા ઊડાવી, દુઃખો લે છે ભારે. લલા બહુ.
પ્રથમ દુઃખનું મુળ જારૂ છે, જાણો તમો જનરે
પ.ન.ચંદ મુખે કેહે છે, ભ્રષ્ટ થાશે તુજ મન લલા બહુ

વડ દરાના સ્ત્રીસંપટને શીખામણ.

રાગદેશી વણઝારો.

આરજ કરૂંછુ આપને. ભુલભારીરે
તે રૂપ. નારીને ભાળ મો ખુ સરે. ૧

એતો તમારા ચીતામાં. ભુલ ભાસીરે
અંતર ઉતારો વત. આ પુર વાસીરે. ૨
ધર્મ ધારો તમો ધર્મ આ, ભુલ ભાસીરે;
નવ ચુકિ ચાલો ચલો ચલ આ પુર વાસીરે. ૩
શાને છે તમને ધડપા' ભુલ ભાસીરે.
પ્રિતે પોતે જે પરમેસ આ પુર વાસીરે. ૪
શા ઇચ્છા છે ઇશના ભુલ ભાસીરે.
તે ગંન ન લાવો કેમ, આ પુરવાસીરે. ૫
સુ પંથ મુકીને ચાલતા,ભુલ ભાસીરે;
કુ પંથે કરો ન વીવેક, આ પુર વાસીરે. ૬
જાણો જરૂર જાવું સર્વને, ભુલ ભાસીરે;
મટે ગેલા મિથ્યા માન આ પુર વાસીરે. ૭
ધર્મ છોડી કરો કર્મને ભુલ ભાસીરે;
નરીએ ન વિચારો વાત આપુર વસારે. ૮
પ્રીત કરો પરનારની, ભુલ ભાસીરે;
છોડીને રૂડી ચાલ આપુર વાસીરે. ૯
ઘર ધધે કરતા નથી. ભુલ ભસરે;
લત લાગી લાડી સાથ ,આપુર વાસીરે. ૧૦
આઠે પોહોર પર્મ પ્રીતથી ભુલ ભાસીરે;
કરે કાન્તા સથે કર્મ આપુર વાસીરે. ૧૧
બની બની બાંકા છેલડા, ભુલ ભાસીરે;
ફરોછો છોડી સુકૃત્ય આપુર વાસીરે, ૧૨
પૈસો બહુ ઉડાવતા, ભુલ ભાસીરે;

ગાંઠીઆ કરતા અપાર, એઆ પુર વાસીરે. ૧૩
શરીર સારૂ તજવા ભુલ ભાસીરે;
પણ નકામું છે પાર, એઆ પુર વાસીરે. ૧૪
અંતરમાં આપે જુઓ ભુલ ભાસીરે;
તો સુખ પામો નાર. એઆ પુર વાસીરે. ૧૫
વ્યાપારીની પ્રીતી રાખતા. ભુલ ભાસીરે;
કરો વીધ વીધના ઉપાય, એઆ પુર વાસીરે. ૧૬
રાગ કામ ડુલાવતા. ભુલ ભાસીરે;
રહ્યા રેતા રંડી નિત્ય. એઆ પુર વાસીરે; ૧૭
વિદ્યા ભણવી ગમતી નથી. ભુલ ભાસીરે;
જેથી થાય સફળ અવતાર. એઆ પુર વાસીરે. ૧૮
આળસમાંને ઘરકમાં. ભુલ ભાસીરે;
રહ્યા રાત દીવસ રમીરંગ, એઆ પુર વાસીરે. ૧૯
નીતીની રીતી મૂકી. ભુલ ભાસીરે.
જેથી જાણાવશો જમ જોર. એઆ પુર વાસીરે ૨૦
અધર્મ આપે આદરો; ભુલ ભાસીરે;
નારી જુઓ ના મનડા માય, એઆ પુર વાસીરે. ૨૧
દેશની સ્થિતિ ના નિરખતા. ભુલ ભાસીરે;
ધિક ધિક આ અવતાર, એઆ પુર વાસીરે. ૨૨
શું થાયછે ને શું થશે ભુલ ભાસીરે;
તેનો મનમા ના કરતા તોલ, એઆ પુર વાસીરે. ૨૩
દેશ ડુબ્યો આ આપણો, ભુલ ભાસીરે.

જરી જુઓ નહી ઊંઘાડી આંખ, એ પુર વાસીરે ૨૪
માટે મેલો બધો મામલો, ભુલ ભારશીરે,
આલો આજ રૂડી નીત પાર, એ પુર વાસીરે. ૨૫
સુખ સંપતી સાંપડે, ભુલ ભારશીરે;
જેથી રજી રહે રણછોડ એ પુરવાસી રે ૨૬
નજરે દીઠું તેવું મેં કહ્યુ, ભુલ ભારશીરે.
ખરેખરી છે આ વાત, એ પુર વાસીરે. ૨૭

વડોદરાની સ્ત્રીયોને શીખામણ.

અચકો મચકો કારેલી એ રાગ.

ઓ વડોદરાની બેનોરે, ઈશ્વરથી કાંઈક ડરો;
છે અથાક શકિત એનારે ઈશ્વરથી કાંઈક ડરો;
તમો રહેતાં પરની પ્રીતેરે, ઈશ્વરથી કાંઈક ડરો;
કરો કર્મ ન કરતાં ચીતેરે, ઈશ્વરથી કાંઈક ડરો.
મનમાં કાંઈએ નવ લાવોરે, ઈશ્વરથી કાંઈક ડરો;
કરી કર્મને પાપી થાઓરે ઈશ્વરથી કાંઈક ડરો;
પરપુરૂષ સાથે પ્રીતીરે, ઈશ્વરથી કાંઈક ડરો;
ધરો ન કંઈ મન ભીતીરે, ઈશ્વરથી કાંઈક ડરો;
તમો કામ કાજ સઉ છોડારે, ઈશ્વરથી કાંઈક ડરો;
રહો પ્રીતમશુ પ્રાત જોડીરે, ઈશ્વરથી કાંઈક ડરો;
કરો અનેક બાનાં જુઠારે, ઈશ્વરથી કાંઈક ડરો;
નિજ પતીને મારો ઠુંઠારે, ઈશ્વરથી કાંઈક ડરો;
નવ કોપી જરીએ ડરતારે ઈશ્વરથી કાંઈક ડરો,

(૧૬)

અને કુડાં કરમો કરતારે. ઈશ્વરથી કાંઈક ડરો;
કુળની મુકિ બધી લજારે, ઈશ્વરથી કાંઈક ડરો;
નવ રાખો રતી મન માઝારે, ઈશ્વરથી કાંઈક ડરો;
દરશનના ઠગીને બાનારે ઈશ્વરથી કાંઈક ડરો;
કરો જાર કર્મ નિત છાનારે ઈશ્વરથી કાંઈક ડરો;
નારી જુઓ ત્રિયાની મનમાંરે. ઈશ્વરથી કાંઈક ડરો;
ડરો ડરો નગારા ચિતમાંરે ઈશ્વરથી કાંઈક ડરો;
નવ ભણતાં કઈક આવેરે ઈશ્વરથી કાંઈક ડરો;
પછી સાચી સુમતિ આવેરે, ઈશ્વરથી કાંઈક ડરો;
વિધ વિધના વાતે જાણોરે, ઈશ્વરથી કાંઈક ડરો;
જો ભાણે ઉલટ આણોરે. ઈશ્વરથી કાંઈક ડરો;
અનિ નીતી શાસ્ત્ર છે મે ઠુરે, ઈશ્વરથી કાંઈક ડરો;
ખરી મુકિત તેથી નવ ખોટુરે ઈશ્વરથી કાંઈક ડરો;
નીત કરો પતના સેવારે ઈશ્વરથી કાંઈક ડરો;
ઈશ્વર આપે સુખ મેવારે. ઈશ્વરથી કાંઈક ડરો;
પતી પ્રાણ સમો પરમાણોરે, ઈશ્વરથી કાંઈક ડરો:
અતિ હેત નાથપર આણોરે. ઈશ્વરથી કાંઈક ડરો;
જો રાજી રેહેશે રવ માંરે, ઈશ્વરથી કાંઈક ડરો;
તો તમમાં નહી રહે ખામીરે, ઈશ્વરથી કાંઈક ડરો;
પણ જાર લાગે સારૂરે, ઈશ્વરથી કાંઈક ડરો;
બગડે સહુ તેથી તમારૂરે, ઈશ્વર કાંઈક ડરો;
તમો સમજી લેસો નારીરે. ઈશ્વરથી કાંઈક ડરો;
ધીનાથ દકે' દુઃખ ભારીરે ઈશ્વરથી કાંઈક ડરો;

